અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.3284/22**

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– સાહીલ કીશનભાઈ ઠાકોર

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ– એમ. વી. એકટની કલમ – 185 મુજબ.

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં દર્શાવેલ વિગતે કેફીપીણું પી વાહન ચલાવી લોકોની જિંદગી જોખમાય તે રીતે જાહેરમાં વાહન ચલાવવાનો આક્ષેપ છે જે મુજબ આરોપી સામે હાલનુ ચાર્જશીટ કરેલ છે. એમ.વી. એકટની કલમ– 185 નો ગુનો એન.સી. નો ગુનો છે તેથી ચાર્જશીટ કરતા અગાઉ તપાસ માટે કોર્ટની પરવાનગી મેળવવી જરૂરી છે જે આ કામે મેળવેલ નથી તેથી આ કામે ટેકનીકલ બાધ નડે છે પરંતુ આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરવા માટે હાજર થયેલ હોવાથી આ કેસમાં ટેકનીકાલીટીનો બાધ નડતો હોવા છતાં હાલ તેમાં દાખલ થયેલ નથી. આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે.
2. આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થીતી તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજિ ઠાકોર 2005(1) જિ. એલ. આર. પાના નં. 709 વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિઘ્ધાંતને ઘ્યાને રાખતાં સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે એમ. વી. એકટની કલમ – 185 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ. 2000/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 7 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો હુકમ આખરી રાખવામાં આવે છે. શરતો રદ કરવામાં આવે છે. આરોપીએ વાહન છોડાવેલ ન હોય તો સી. આર. પી. સી. ની કલમ – 452 મુજબ કાયમી ધોરણે આરોપીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. 12/3/2022
અમદાવાદ

(વનરાજસિંહ આપાભાઈ ઘાઘલ)
UIC CODE NO. GJ00891
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.